સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 5 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ August-2019




# ચંદ્રયાન-૨

## ચલો દિલદાર ચલો, ચૉંદ કે પાર ચલો

ઈન્ડિયન પાવર ઈન બ્રિટીશ પાર્લામેન્ટ : બ્રિટનનાં નવા ગૃહ મંત્રી પ્રીતિ પટેલ કોણ છે?

## અનુક્રમણિકા

**કવર સ્ટોરી** ● લલિત ખંભાયતા - હર્ષ મેસવાણિયા

**ચંદ્રયાન-૨ : ચલો દિલદાર ચલો, ચાઁદ કે પાર ચલો**

'ઈસરો'એ 'ચંદ્રયાન-૨'ને સફળતાપૂર્વક ચંદ્રની સફરે રવાના કર્યું છે. આ મિશન ચંદ્રયાન-૧ કરતાં ઘણુ ચડિયાતું અને ટેકનોલોજીની દૃષ્ટિએ એડવાન્સ છે. આપણાથી ચંદ્ર પર જવાય ત્યારની વાત ત્યારે, અત્યારે ધરતી પર બેઠા બેઠા ચંદ્રયાનની સમજણ મેળવીએ... **૧૮-૧૯**




- **તંત્રી સ્થાનેથી...**
  ચંદા મામા હવે ભારતવાસીઓ માટે દૂર નથી! — ૦૭
- **સંસ્થા સમાચાર**
  સમાજ અગ્રણીઓનાં સાહસનું યુગાન્ડાના પ્રેસિડેન્ટના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું... — ૦૮
  યુગાન્ડામાં ખોડલધામ સમિતિની રચના કરાઈ, 'ખોડલધામ' બનાવવા વિચારણા — ૦૯
  સંસ્થાના છાત્ર/છાત્રાઓએ મેડીકલમાં પ્રવેશ મેળવીને સંસ્થા/સમાજનું ગૌરવ વધાર્યું — ૧૦
- **લગ્ન વિષયક** — ૧૧
- **યાદગીરી**
  ૧૯૪૫માં વડોદરા ગાયકવાડ રાજ્યની મુલાકાતે પહોંચેલા આગેવાનોની યાદગાર તસવીર — ૧૨
- **શ્રદ્ધાંજલિ**
  વિઠ્ઠલભાઈનાં નિધનથી પાટીદાર સમાજને, સૌરાષ્ટ્રનાં ખેડૂત વર્ગને એક મોટી ખોટ પડી છે — ૧૩
- **પાટીદાર રત્ન**
  ઈન્ડિયન પાવર ઈન બ્રિટીશ પાર્લામેન્ટ : બ્રિટનનાં નવા ગૃહ મંત્રી પ્રીતિ પટેલ કોણ છે? — ૧૪
- **કવર સ્ટોરી**
  ચંદ્રયાન-૨ : ચલો દિલદાર ચલો, ચાઁદ કે પાર ચલો — ૧૮-૧૯
- **ગોલ્ડન ગર્લ**
  હિમા દાસ: ભારતની નવી સ્ટાર દોડવીર — ૨૮
- **જન્માષ્ટમિ વિશેષ**
  કૃષ્ણમ્ વંદે જગતગરુ - કૃષ્ણ : સૌનો પોતપોતાનો ભગવાન — ૩૧
- **સિને અવતાર**
  પરોક્ષ દર્શન: જગદગુરૂનું ફિલ્મોમાં વિરાટ સ્વરૂપ — ૩૬
- **વાઈલ્ડ લાઈફ**
  આપણાં રાષ્ટ્રીય પ્રાણી વાઘનાં સામ્રાજ્યની અડધી સદી — ૩૮
- **અહા! ચિંતન**
  બાળકો સામે ખોટું ન બોલતા, એને બધી જ ખબર પડતી હોય છે! ૪૨ — ૪૨
- **લાઈફ ફંડા**
  ક્રિયેટિવ જિંદગી જીવવાની કળા — ૪૪
- **આરોગ્યમ્**
  ૨૧મી સદીના માણસની ઊંઘ કેમ ઉડી ગઈ છે? — ૪૭



# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા



Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

**લવાજમ દર**

| વર્ષ | લવાજમ |
|---|---|
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

**ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.**

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

### અમરેલી

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- શ્રી શંભુભાઈ મુળજીભાઇ કરકર ૯, અયોધ્યાનગર-૧, 'કર્મ', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**


**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# ચંદા મામા હવે ભારતવાસીઓ માટે દૂર નથી!

હિન્દુસ્તાન માટે હવે ચંદા મામા દુરનાં નથી રહ્યા, ઈસરોનાં વૈજ્ઞાનિકોએ જ્યારે ૨૨, જૂલાઈએ બીજું ચંદ્રયાન છોડ્યુ ત્યારે એ પળોને શબ્દોમાં ઝીલવી કઠિન હતી. લગભગ ત્રણ લાખ ચોર્યાસી હજાર કિલોમીટરનું અંતર કાપીને સપ્ટેમ્બરનાં પ્રથમ સપ્તાહમાં જ્યારે આ યાનનો ચંદ્ર સાથે સંપર્ક થશે ત્યારે ભારતીય તિરંગાની શાન ઔર વધી જશે.

જે દેશો ભારતને મ્હેણાં મારતા હતા કે, ભારતની પ્રજા ગીરીબીમાં જીવતી હોય ત્યારે અંતરિક્ષ સંશોધનમાં કરોડોનું આંધણ ન કરવુ જોઈએ, એજ દેશો આજે અચંબામાં પડી ગયા છે કે, માત્ર એક હજાર કરોડના ખર્ચમાં ભારતે ચંદ્ર પર તેના પગલાં માંડી દીધા છે. ભારતે આ સિદ્ધી કેવી રીતે મેળવી તે તેમની કલ્પનાંથી બહાર છે.

એક સમય એવો પણ આવ્યો હતો કે ભારતનાં અંતરીક્ષ સંશોધન અંગે અમેરિકાએ નારાજગી દર્શાવી હતી અને સોવીયેત સંઘ સાથે મળીને તેના પર પ્રતિબંધ મુકવાની ધમકી પણ આપી હતી. જેને લીધે જ રશિયાએ ભારતને મદદ આપવામાં પીછેહઠ કરી હતી. જોકે, માત્ર ટૂકાં વર્ષોના ગાળામાં જ ભારતે સ્વદેશી તકનીક વિકસાવીને દુનિયાને તેની વૈજ્ઞાનીક તાકાતનો અંદાજો આપી દીધો હતો. અગિયાર વર્ષ પહેલાં એટલે કે ચંદ્રયાન-૧ છોડીને ભારતે દુનિયાની બોલતી બંધ કરી દીધી હતી, હવે ચંદ્રયાન-૨નાં સફળ પ્રક્ષેપણથી આ દેશોની આંખો પહોળી થઈ ગઈ છે. ૧૯૭૫માં ભારતે પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ તરતો મુક્યો ત્યારથી લઈને ચંદ્રયાન-૨ સુધીની આ સફરમાં વિવિધ સરકારોનાં સકારાત્મક અભિગમ અને દેશભરનાં વિજ્ઞાનીઓનાં સફળ અને વિશેષ પ્રયાસો રહ્યા છે, અને એટલે જ આજે હિન્દુસ્તાનીઓ દુનિયાભરમાં મસ્તક ઉંચુ રાખીને ગર્વ અનુભવી શકે છે.



ગર્વ લેવાનું બીજું કારણ, ભારતની ગોલ્ડન ગર્લ હીમા દાસે પણ પુરૂ પાડ્યું છે. આસામનાં ડાંગરના ખેતરોથી લઈને વર્લ્ડ જુનિયર એથ્લેટિક્સમાં ગોલ્ડ સુધીનું ડ્રીમ રન કરનારી ભારતની આ દોડવીરે હાલમાં જ ભારત માતાની ઝોળીમાં પાંચ ગોલ્ડ પદક એનાયત કર્યા છે.



ગર્વ લેવા માટે આટલી બાબત ઓછી હોય તેમ, ભારતીય મૂળની મહિલા પ્રીતિ પટેલે પણ બ્રિટનનાં રાજકારણમાં કાઠુ કાઢ્યું છે. ભારતની ભૂમી પર દોઢસોથી વધુ વર્ષ સુધી રાજ કરનાર બ્રિટીશરોનાં રાજમાં પ્રીતિ પટેલ ગૃહ મંત્રી બન્યા છે, ત્યારે આપણે એના પર પણ ગર્વ વ્યક્ત કરી શકીએ છીએ.



'પટેલ સુવાસ'નાં આ અંકમાં 'મિશન ચંદ્રયાન' ઉપરાંત હિમા દાસ અને પ્રીતિ પટેલનું જીવન વૃતાંત આવરી લઈને વાચકોને આવા ગર્વ લેવા જેવા મુદ્દાઓથી માહિતગાર કરવાનો સાતૃત્ય પ્રયાસ કરાયો છે.

**જયહિંદ**

# સમાજ અગ્રણીઓનાં યુગાન્ડા ખાતેનાં સાહસનું યુગાન્ડાના પ્રેસિડેન્ટના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું...






આપણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી તથા નિકોલ-નરોડાં સમાજનાં પુર્વ પ્રમુખ શ્રી પરેશભાઈ દેવશીભાઈ ડોબરીયા તેમજ ટ્રસ્ટી શ્રી મગનભાઈ મેઘજીભાઈ ઠુમ્મર (મગનભાઈ પટેલ) કે જેઓએ ઈસ્ટ આફ્રિકાના યુગાન્ડા ખાતે 'એમએમપી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'નું ઉદ્‌ઘાટન રિપબ્લિક ઓફ યુગાન્ડાનાં પ્રેસીડન્ટ શ્રી યોવેરી કાગુતા મુસેવેણીનાં વરદ હસ્તે કરાવ્યુ હતું.

આ પ્રસંગે શ્રી યોવેરી કાગુતા મુસેવણી ખાસ પધાર્યા તે બદલ તેમનું હાર્દિક સ્વાગત કરાયુ હતું અને ભારતનાં રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધી અને આફ્રીકાનાં રાષ્ટ્રપિતા શ્રી નેલ્સન મંડેલાજી સાથે શ્રી યોવેરી કાગુતા મુસેવેણીની સંયુક્ત તસવીર સ્મૃતિચિહ્ન રૂપે ભેટ અપાઈ હતી. જે બંને દેશો વચ્ચે મૈત્રીભાવનું માધ્યમ બની હતી. જે સ્મૃતિચિહ્ન આપતાં શ્રી પરેશભાઈ ડોબરિયા, શ્રી મગનભાઈ ઠુમ્મર, શ્રી આકાશભાઈ પરેશભાઈ ડોબરીયા, શ્રી જય મગનભાઈ ઠુમ્મર, શ્રી સંદિપ પડશાળા, શ્રી મિલન લાલજીભાઈ ડોબરીયા સહિત ઉદ્યોગપતિઓ તથા મહેમાન શ્રી મનીષ દિલીપભાઈ સંઘાણી નજરે પડે છે.

આ પ્રસંગે યુગાન્ડાનાં પ્રેસીડન્ટશ્રીએ પાર્કની મુલાકાત લીધી હતી અને ડોબરિયા તથા ઠુમ્મર પરિવાર સહિત ઉપસ્થિત મહેમાનો સાથે યાદગાર તસ્વીર પણ ખેંચાવી હતી.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ વતિ ડોબરિયા અને ઠુમ્મર પરિવારને ખુબ ખુબ અભિનંદન...










# ઈસ્ટ આફ્રિકાનાં યુગાન્ડામાં ખોડલધામ સમિતિની રચના કરાઈ,
## કમ્પાલા ખાતે 'ખોડલધામ' બનાવવા વિચારણા




સૌરાષ્ટ્રનાં રાજકોટ નજીક કાગવડ ખાતે સમસ્ત પટેલ સમાજનાં આત્મ ગૌરવના પ્રતિક સમાન 'ખોડલધામ'નાં ભવ્ય અને સફળ નિર્માણ પછી કુળદેવી ભગવતી આઈ માં ખોડલની કૃપા વરસી રહી હોય તેમ ગુજરાત રાજ્યનાં અન્ય ઝોનમાં પણ 'ખોડલધામ' ઉભું કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે માં ખોડલનાં પગલાં દુર દેશાવરમાં પણ સ્થાપિત થાય તેવા પ્રયાસો તરફ વિચારણા થઈ છે.

'ખોડલધામ'નાં સ્થાપક ટ્રસ્ટી અને ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ કુંભાણી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓની ઈસ્ટ આફ્રિકાનાં યુગાન્ડાની મુલાકાત દરમિયાન તા. ૨૭ જૂલાઈ, ૨૦૧૯નાં રોજ યુગાન્ડાની રાજધાની કમ્પાલા ખાતે પટેલ સમાજનાં ૧૦૦૦થી વધુ અગ્રણીઓની હાજરીમાં ખોડલધામ સમિતિની રચનાં કરવામાં આવી છે. એટલું જ નહીં, અહીં જ આફ્રિકાની ધરતી પર 'ખોડલધામ'નું ભવ્ય નિર્માણ કરવા અંગે વિચારણા પણ કરવામાં આવી છે.

યુગાન્ડા ખાતે 'ખોડલધામ'ના નિર્માણનાં વિચારને ગતિ આપવા બદલ યુગાન્ડા વસતાં આપણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી તથા નિકોલ-નરોડાં સમાજનાં પુર્વ પ્રમુખ શ્રી પરેશભાઈ દેવશીભાઈ ડોબરીયા તેમજ ટ્રસ્ટી શ્રી મગનભાઈ મેઘજીભાઈ ઠુમ્મર સહિતનાં આગેવાનોને શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજિત્રા, મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયા સહિત સમગ્ર ટ્રસ્ટીગણ અભિનંદન સાથે માં ખોડલની કૃપાથી આ કાર્ય ઝડપથી સાકાર થાય તેવી શુભેચ્છાઓ પણ પાઠવે છે.

'ખોડલધામ'ના ટ્રસ્ટીશ્રીઓએ યુગાન્ડાની મુલાકાત દરમિયાન યુગાન્ડ ખાતેના પાટીદાર સમાજ ભવન ઉપરાંત શ્રી મગનભાઈ ઠુમ્મર તથા શ્રી આકાશભાઈ પરેશભાઈ ડોબરિયાની વિવિધ કંપનીની પણ મુલાકાત લીધી હતી અને તેમનું કામકાજ જોઈને શ્રી નરેશભાઈ પટેલ સહિતના ટ્રસ્ટીશ્રીઓ પ્રભાવિત પણ થયા હતા.





# સંસ્થાના છાત્ર/છાત્રાઓએ મેડીકલમાં પ્રવેશ મેળવીને સંસ્થા/સમાજનું ગૌરવ વધાર્યું

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલયમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન રહીને ધોરણ-૧૨ સાયન્સમાં ખૂબ જ સારા માર્ક્સ લાવીને નીચેના છાત્ર/છાત્રાઓએ મેડીકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવીને સંસ્થા સાથે સમાજનું ગૌરવ વધાર્યું છે. આ તમામ છાત્ર/છાત્રાઓને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે જ તેઓ આ મેડીકલ ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે તેવી શુભકામનાઓ...

| ક્રમ | કુમાર છાત્રાલયનાં છાત્રો | NEET સ્કોર | ગુજરાત મેરીટ નં. | કોલેજ |
|---|---|---|---|---|
| ૧. | ગઢિયા મિત અશ્વિનભાઈ | ૬૩૫ | ૧૦૧ | બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ |
| ૨. | લાખાણી આશિષ દિલીપભાઈ | ૬૧૦ | ૧૯૮ | એમ. એસ. મેડીકલ કોલેજ, વડોદરા |
| ૩. | પાનસેરિયા ધાર્મિક ચંદુભાઈ | ૫૮૦ | ૩૭૨ | એમ. એસ. મેડીકલ કોલેજ, વડોદરા |
| ૪. | લાખાણી હરનીશ પરસોત્તમભાઈ | ૫૪૦ | ૭૭૦ | એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર |
| ૫. | શિંગાળા દિવ્યેશ શૈલેષભાઈ | ૫૪૦ | ૭૫૪ | પી. ડી. યુ. મેડીકલ કોલેજ, રાજકોટ |
| ૬. | ખાપરા રાજ અરવિંદભાઈ | ૪૮૪ | ૧૬૯૩ | GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ |
| ૭. | ધાનાણી મિત મુકેશભાઈ | ૪૮૨ | ૧૭૯૧ | GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ |
| ૮. | ભંડેરી ધવલ દિનેશભાઈ | ૫૨૨ | ૧૦૧૭ | ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, ભાવનગર |
| ૯. | અંટાળા જયન પરેશભાઈ | ૫૧૬ | ૧૧૦૧ | GMERS મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ |
| ૧૦. | ઠુમ્મર ખુશાલ કિશોરભાઈ | ૪૩૭ | ૨૯૬૩ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ |
| ૧૧. | સોજિત્રા ચિંતન વિમલભાઈ | ૫૦૦ | ૧૩૭૮ | GMERS મેડીકલ કોલેજ, વડનગર |
| | **કન્યા છાત્રાલયની છાત્રાઓ** | | | |
| ૧. | ઠુમ્મર ખુશાલી કિશોરભાઈ | ૫૩૨ | | એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર |
| ૨. | દોમડિયા તૃષાલી વસંતભાઈ | ૪૩૮ | | એમ. એસ. મેડીકલ કોલેજ, વડોદરા |
| ૩. | સાવલિયા ભૂમિકા વિનોદભાઈ | ૫૩૮ | | એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર |
| ૪. | અજૂડિયા યસ્વી સંજયભાઈ | ૪૬૧ | | પી. ડી. યુ. મેડીકલ કોલેજ, રાજકોટ |
| ૫. | તારપરા દેવાક્ષી સંદીપભાઈ | ૪૩૮ | | એમ. એસ. મેડીકલ કોલેજ, વડોદરા |
| ૬. | ખૂંટ શિવાની હસમુખભાઈ | Uni. Rank - 3rd / SAL Inst. Rank - 1st | | સાલ ઈન્સ્ટિ. ઓફ ફાર્મસી (ડોક્ટર ઓફ ફાર્મસી) |

## લગ્ન વિષયક



નામ : પટેલ પ્રિયંકા હસમુખભાઈ
સરનામું : બી-૫૦૧, કેશર હાર્મોની, સુર્ય કિરણ બંગ્લોઝ, એસ.પી. રિંગ રોડ, નિકોલ, અમદાવાદ-382 350
ફોન : (ઘર) 96015 93637
મોબાઈલ : 84011 39133
ઈ-મેઈલ : sanketpatel_2896@yahoo.com
જન્મ તા. : 4-1-94 ઉંચાઈ : 5'3" વજન : 42 kg.
અભ્યાસ : કોમ્પ્યુટર એન્જિનિયરિંગ (B.E.)
મૂળ વતન : ગામ-ભુતિયા, જિ.ભાવનગર
મોસાળ : રાદડિયા, ગામ-જેતપુર, જિ.રાજકોટ
પસંદગી : એન્જિનિયર, બિઝનેસ
નોકરી/ધંધો : ડિઝાઈનર



નામ : પટેલ આદિત્ય જયંતભાઈ
સરનામું : ૨, સીન્ડીકેટ સોસાયટી, કેશવ બાગ વાડીની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ-13
ફોન : (ઘર) 27644851
મોબાઈલ : 98981 11951
ઈ-મેઈલ : aditya.patel0077@gmail.com
જન્મ તા. : 7-1-90 ઉંચાઈ : 6'1" વજન : 89 kg.
અભ્યાસ : માસ્ટર ઓફ પ્રોફેશનલ એકાઉન્ટીંગ એન્ડ બિઝનેસ
મૂળ વતન : ગામ-વેળાવદર, તા.જિ.ભાવનગર
મોસાળ : કુંભાણી, ગામ-બરવાળા બાવીસી, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : સંસ્કારી, સારુ ભણતર
નોકરી/ધંધો : હોબાર્ટ - તાસમાનીયા, ઓસ્ટ્રેલીયા
નોંધ : ઓસ્ટ્રેલીયાથી ૨૩/૧૦ ઈન્ડિયા આવે છે.



નામ : પટેલ (રાદડિયા) પ્રાચી વિનોદભાઈ
સરનામું : પ્લોટ નં. ૮૫૫, સેંટ ઝેવિયર્સ ચર્ચ સામે, સેક્ટર-૮, ગાંધીનગર-382007
ફોન : (ઘર) 079-23249665
મોબાઈલ : 98250 27775, 98980 00201
ઈ-મેઈલ : vinodradadia@gmail.com
જન્મ તા. : 4-1-94 ઉંચાઈ : 5'2" વજન : 50 kg.
અભ્યાસ : B.E. (E&TC) from MIT, Pnue, MBS (Marketing) Nirma, A'bad.
મૂળ વતન : ગામ-છોડવડી, તા.ભેંસાણ, જિ.જૂનાગઢ
મોસાળ : કાપડિયા, ગામ-વડાલ, હાલ-ધોરાજી, જિ.જૂનાગઢ
પસંદગી : Post Graduate / Equivalent / Business
નોકરી/ધંધો : Senior Business Analyst in Cognizant



નામ : પટેલ હિમાની જીગરભાઈ
સરનામું : U-૧૧૬, સોમેશ્વર પાર્ક-૩, ગુલાબ ટાવર પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-380061
ફોન : (ઘર)
મોબાઈલ : 99098 25161
ઈ-મેઈલ : jb_12171@ymail.com
જન્મ તા. : 31-12-93 ઉંચાઈ : 5'5" વજન : 60 kg.
અભ્યાસ : BDS (India), Dentan Hiegine (Canada)
મૂળ વતન : ગામ-ચલોડા તા.ધોળકા, જિ.અમદાવાદ
મોસાળ : પટેલ, ગામ-ગારિયાધાર, જિ.ભાવનગર
પસંદગી : BDS-Business, ડોક્ટર-બિઝનેસ
નોકરી/ધંધો :



નામ : કાછડિયા ધરતી પ્રાગજીભાઈ
સરનામું : બી-૧૦૩, સુમેરુ સીલ્વર લીફ ટાવર, પાલ, અડાજણ, સુરત-395009,
ફોન : (ઘર) 94275 51012
મોબાઈલ : 96876 50076
ઈ-મેઈલ : pvk1964@yahoo.co.in
જન્મ તા. : 28-01-94 ઉંચાઈ : 5'2" વજન : 42 kg.
અભ્યાસ : Graduate in Food and Nutrition (Dietician), Master Running
મૂળ વતન : ગામ-માંગવાપાળ, તા.જિ.અમરેલી
મોસાળ : સાકરિયા, ગામ-મોણપર, તા.જિ.અમરેલી
પસંદગી : Well Set & Qualified (Indian & Abroad both)
નોકરી/ધંધો : Dietician



નામ : પાનસુરિયા કેતન દિનેશભાઈ
સરનામું : બી/૫, ગોપી એપાર્ટમેન્ટ, જ્યોતિ જાગૃતિ સોસાયટી, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ-382 350.
ફોન : (ઘર) 90169 63369
મોબાઈલ : 85116 90746
ઈ-મેઈલ : ketanpansuriya70@gmail.com
જન્મ તા. : 9-10-93 ઉંચાઈ : 5'9" વજન : 65 kg.
અભ્યાસ : B.E. (I.T. Engineering)
મૂળ વતન : ગામ-ચલાલા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : કથીરિયા, ગામ-ગરમલી, તા.ધારી, જિ.અમરેલી
પસંદગી : ૧૨ પાસ અથવા ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : SEO (Digital Marketing)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

## કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત

## છઠ્ઠો રમતોત્સવ (તા.૨૬/૦૧/૨૦૨૦)

**છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન**

**મુખ્ય સ્પોન્સર**

**વીર સાવરકર મોર્નીંગ ગૃપ, બાપુનગર**

શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા, શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી, શ્રી ભરતભાઈ ભુવા, શ્રી એન. કે. પટેલ (મામલતદાર), શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર), શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા અને ગૃપ મેમ્બર્સ

**ડ્રેસ સ્પોન્સર**

શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા

KAKA® PVC PROFILE

"Smart People, Smart Choice"

KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**

રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી
મેહુલ કાનાણી - જયરાજ કાનાણી

D. KANANI GROUP

D KANANI GROUP, AHMEDABAD

**કો-સ્પોન્સર**

ARYA FINANCIAL SERVICES

*Home Loan,*
*Mortgage Loan,*
*Machinary Loan,*
*Project Loan, OD/CC Loan*

Aarya Group

436-440, Royal Arcade, Sarthana Jakat Naka, Varachha Road, Surat. Mo. 98795 31183

છઠ્ઠા રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા ઉપરોક્ત સ્પોન્સર્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

**તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.**

# ૧૯૪૫માં વડોદરા ગાયકવાડ રાજ્યની મુલાકાતે પહોંચેલા
# અમરેલી ગાયકવાડ રાજ્યનાં આગેવાનોની યાદગાર તસવીર



(૧) વ્રજલાલ મોહનભાઈ કાબરિયા - અમરેલી
(૨) નાનજીભાઈ જીવાભાઈ ખૂંટ - ચાંપાથળ
(૩) રણછોડભાઈ પ્રેમજીભાઈ સાવલિયા - અમરેલી
(૪) લક્ષ્મણભાઈ પાતાભાઈ ધીનૈયા - ચાંદગઢ
(૫) બાવભાઈ કલાભાઈ કાબરિયા - અમરેલી
(૬) મોહનભાઈ વિરજીભાઈ સેંજલિયા - અમરેલી
(૭) હરજીભાઈ દેવરાજભાઈ અકબરી - વાંકિયા
(૮) પ્રેમજીભાઈ રૂડાભાઈ માંગરોલિયા - અમરેલી
(૯) ભીમજીભાઈ માવજીભાઈ ઘાડિયા - ખીજડીયા (ખારી)
(૧૦) ભગવાનભાઈ આણંદભાઈ માંદલિયા - વાંકિયા
(૧૧) શંભુભાઈ ધરમશીભાઈ કાકડિયા - ચલાલા
(૧૨) આણંદભાઈ સવજીભાઈ કાબરિયા - અમરેલી
(૧૩) મોહનભાઈ ભગવાનભાઈ નાકરાણી - જાળિયા
(૧૪) શંભુભાઈ દીઠાભાઈ બોરડ - રામપર (તોરી)
(૧૫) દેવજીભાઈ ગોરધનભાઈ ગજેરા - અમરેલી
(૧૬) પુનાભાઈ ધરમશીભાઈ કાકડિયા - ચલાલા
(૧૭) નારણભાઈ ગીગાભાઈ બોઘરા - હીરાણા
(૧૮) ધરમશીભાઈ શાંતિલાલભાઈ અકબરી - વાંકિયા
(૧૯) મોહનભાઈ ખોડાભાઈ સુખડિયા - દેવળિયા (ચક્કરગઢ)
(૨૦) દુદાભાઈ પ્રેમજીભાઈ કથીરિયા - વાંકિયા
(૨૧) અરજણભાઈ મનજીભાઈ સાવલિયા - સાજિયાવદર
(૨૨) કુરજીભાઈ નારણભાઈ ધાનાણી - લાલાવદર
(૨૩) રણછોડભાઈ રૂડાભાઈ કથીરિયા - તરકતળાવ
(૨૪)
(૨૫) પોપટભાઈ ભીમજીભાઈ સેંજલિયા - રાજસ્થળી
(૨૬) મોહનભાઈ મનજીભાઈ ગોંડલિયા - ખંભાલિયા (વિઠ્ઠલપુર)
(૨૭) ભગવાનભાઈ નારણભાઈ પોશીયા - ચક્કરગઢ
(૨૮) રાણાભાઈ દેવજીભાઈ દેસાઈ - કેરિયાચાડ
(૨૯) ધનજીભાઈ ભગવાનભાઈ ધાનાણી - લાલાવદર
(૩૦)
(૩૧) લક્ષ્મણભાઈ લવાભાઈ સાવલિયા - હુડલી
(૩૨) હરીભાઈ નારણભાઈ લુણાગરિયા - લાપાળિયા
(૩૩) મોહનભાઈ પ્રાગજીભાઈ કાબરિયા - અમરેલી
(૩૪)
(૩૫)
(૩૬) હરીભાઈ રૈયાભાઈ કથીરિયા - મોટા ગોખરવાળા
(૩૭) અરજણભાઈ પ્રેમજીભાઈ ભંડેરી - જાળિયા
(૩૮) જાદવભાઈ નારણભાઈ સાંગાણી - નાના ગોખરવાળા
(૩૯) હરજીભાઈ રૈયાભાઈ દેસાઈ - પીઠવાજાળ
(૪૦) મગનભાઈ ધરમશીભાઈ કાકડિયા - ચલાલા

# વિઠ્ઠલભાઈનાં નિધનથી પાટીદાર સમાજને, સૌરાષ્ટ્રનાં ખેડૂત વર્ગને એક મોટી ખોટ પડી છે

સૌરાષ્ટ્રનાં સિંહ તરીકે જાણીતા તથા રાજકીય સહકારી, સામાજીક અને ધાર્મિક સહીતનાં તમામ ક્ષેત્રોમાં આગવી નામનાં ધરાવતાં લડાયક નેતા વિઠ્ઠલભાઈ રાદડિયા તા. ૨૯ જૂલાઈનાં રોજ ૬૧ વર્ષની વયે શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. વિઠ્ઠલભાઈનાં નિધનથી માત્ર સૌરાષ્ટ્રને જ નહીં, સમગ્ર ગુજરાતને અને ખાસ કરીને પાટીદાર સમાજને એક મોટી ખોટ પડી છે.



૮૦નાં દાયકામાં રાજકીય સફર શરૂ કરનારા અને સફળ થવા માટે ઘણા સંઘર્ષો કર્યા બાદ લોકસેવાને જ જીવનનો મંત્ર બનાવી દેનારા વિઠ્ઠલભાઈ બિમારીને લીધે છેલ્લાં ઘણાં સમયથી પથારીવશ હતા અને અમદાવાદ ખાતે હોસ્પિટલમાં તેમને અંતિમ શ્વાસ લીધા હતા. સ્વ.વિઠ્ઠલભાઈનાં પાર્થિવ દેહને જામકંડોરણા ખાતે દર્શનાર્થે મુકાયા બાદ તેમનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

સહકારી અને ખેડૂત નેતા તરીકે જાણીતા અને ખરા અર્થમાં લોકનેતા બનેલા વિઠ્ઠલભાઈ રાદડિયા ચાર દાયકા જેટલી રાજકીય સફરમાં કોંગ્રેસ અને રાજપામાં પણ રહી ચુકયા હતા અને છેલ્લે ભાજપમાં સામેલ થયા હતા.

૧૯૮૭માં જામકંડોરણા તાલુકા પંચાયતમાં પ્રમુખ બન્યા બાદ રાજકીય ક્ષેત્રે એક પછી એક ઉંચાઈ હાંસલ કરતા રહ્યા હતા. ૧૯૯૩ થી ૨૦૦૯ સુધી ધારાસભ્ય પદે રહેલા વિઠ્ઠલભાઈ રાદડીયા ૧૯૯૬ થી ૧૯૯૯ દરમ્યાન સતત રાજય મંત્રીમંડળમાં કેબીનેટ પ્રધાનપદે રહ્યા હતા. તેમની પાસે ખાણ ખનીજ તથા સહકારી વિભાગનો હવાલો હતો. રાજયનાં રાજકારણમાંથી તેઓએ રાજકીય રાજકારણમાં પણ પ્રવેશ કર્યો હતો. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીમાં પોરબંદર લોકસભા બેઠકથી ચૂંટણી જીતીને તેઓ સંસદમાં પહોંચ્યા હતા. સંસદમાં પણ તેઓ બે ટર્મ સુધી રહ્યા હતા.

આ સિવાય સહકારી ક્ષેત્રમાં રાજકોટ જીલ્લા સહકારી બેંકમાં વર્ષો સુધી ચેરમેન રહ્યા હતા. ઉપરાંત માર્કેટ યાર્ડ સહીતની સહકારી સંસ્થાઓમાં પ્રમુખ રહ્યા હતા. તેમનાં પછી સહકારી સંસ્થાઓમાં પ્રમુખ ગમે તે હોય તેમાં દબદબો વિઠ્ઠલભાઈ રાદડીયાનો જ રહેતો હતો અને તેમનાં સમર્થક જ પ્રમુખપદે રહેતા હતા.

સામાજીક ક્ષેત્રે પણ વિઠ્ઠલભાઈનું મોટુ યોગદાન જાણીતું છે. તેઓએ હરીદ્વાર, મથુરા, નાથદ્વારા જેવા ધર્મસ્થાનોમાં પાટીદાર સમાજ ભવન ઉભા કરવા, કન્યા છાત્રાલયો સ્થાપવા, ગૌશાળા સહીતના કાર્યો એકલા હાથે ઉપાડયા હતાં અને તેમાં તેમને સમાજનો પણ સંપૂર્ણ સહયોગ મળ્યો હતો.

ચારેક વર્ષ પુર્વે તેમને કેન્સરની બિમારી લાગુ પડયા બાદ અમેરીકામાં ઓપરેશન કરાવીને આ રોગને મ્હાત આપી હતી અને સાજા-નરવા થઈને ફરીથી જાહેર જીવનમાં સક્રિય થઈ ગયા હતા. જોકે, ૨૦૧૭નાં અંતિમ મહિનાઓમાં તબીયત લથડી હતી અને લાંબી બિમારી બાદ તેમનું નિધન થયુ હતું.

તેમનાં અવસાનનાં સમાચારને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત પ્રધાનો-ધારાસભ્યો, સહકારી આગેવાનોએ ઉંડા શોક દર્શાવીને શોકાંજલી આપી હતી.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ વિઠ્ઠલભાઈનાં સામાજિક કાર્યોને યાદ કરીને તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવે છે.